॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી


વર્ષ - ૪૦ (જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર) માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - 40, 2024-25 ISSUE-I Published on Every 3 Months


'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥













## ઓમ્ પરિવારના ઉત્સવો

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| સ્વાધ્યાય સત્સંગ | શ્રી સત્તાવીશ દશા પોરવાડ હોલ<br>સ્વસ્તિક ચાર રસ્તા, વસંત વિહાર,<br>નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ | ૦૭-૦૭-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ |
| ગુરુપૂર્ણિમા નિમિત્તે | શ્રી સત્તાવીશ દશા પોરવાડ હોલ<br>સ્વસ્તિક ચાર રસ્તા, વસંત વિહાર,<br>નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ | ૨૧-૦૭-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૮.૦૦ થી ૧.૦૦ |

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

## રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
## બહુજનહિતાય-બહુજનસુખાય

# તંત્રી લેખ

'સર્વજીવ હિતાય-સુખાય'ના ઉદ્દેશ્યથી પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુના માર્ગદર્શન હેઠળ 'ઓમ્ પરિવાર' અત્યારે ઘણો વિસ્તરિત થયો છે. તેમાં ઓમ્ પરિવારને બહોળો કરનાર પૂ. ગુરુજીની સાથે પાયાની ઈંટ સમાન કેટલાય શિષ્યોએ યોગદાન આપેલ છે. તેવા શિષ્યોમાંના એક એટલે ડો. સ.સ.ભિક્ષુજી (ડો. સોમાભાઈ એ. પટેલ).

ડો. ભિક્ષુજીની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ (૧૧-૦૫-૨૦૨૪) નિમિત્તે પલિયડનગર મુકામે ખૂબ સુંદર કાર્યક્રમનું આયોજન થયેલ. આ કાર્યક્રમની ઝાંખી ફોટોગ્રાફ રૂપે સામેના પાને દર્શાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. સાથે સાથે ઓમ્ પરિવારના ગુરુ ભાઈ-બહેનો દ્વારા અપાયેલ ભાવાંજલિનો પણ આ અંકમાં સમાવેશ કરેલ છે.

# શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજીને પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભાવાંજલિ

સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ એમની જય તો જ આપણી જય.

સમાજ વહેવારમાં ડો. સોમાભાઈ પટેલ તરીકે સૌ કોઈ જેઓશ્રીને જાણતા-સંબોધતા એ જ ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા યોગીરાજ શ્રી યોગભિક્ષુજી મહારાજના માનસપુત્ર તથા ઓમ્ પરિવારના આદરણીય શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજી.

વધુમાં વધુ જીવ જગતનું કલ્યાણ થાય, સૌ કોઈ જીવનમાં સાચા-શાશ્વત સુખ-શાંતિને પામે તે જ ગુરુજીના જીવનનો મુખ્ય આદર્શ-ઉદ્દેશ્ય રહેલો. તે ઉદ્દેશ્યની પૂર્તિ અર્થે ગુરુજીએ સમગ્ર જીવન પર્યંત નિષ્કામભાવે નિત્યા નિત્ય-સારાસારના વિવેકજ્ઞાનરૂપી સાચી સમજણનો અવિરત પ્રચાર-પ્રસાર પ્રેમપૂર્વક કરતા રહ્યાં. તેમાં જ ગુરુજીને સાચા આનંદની અનુભૂતિ થતી હતી.

શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજી પણ ગુરુજીના મુખ્ય ઉદ્દેશ્યની વધુમાં વધુ પૂર્તિ થાય તે માટે તેને અનુરૂપ જીવન જીવતા રહી નિષ્કામભાવે સમાજમાં ખૂબ વ્યાપક પ્રચાર-પ્રસાર કરવાનો પ્રચંડ પુરુષાર્થ જીવનના અંતિમ શ્વાસ સુધી વણથંભ્યા કરતા રહ્યાં. આ કાર્ય તેઓશ્રી તન-મન-ધન-વિચાર-વાણી-વર્તનથી પ્રેમ, ધીરજ અને આનંદપૂર્વક નિષ્કામભાવે, દૃઢ નિષ્ઠાથી અવિરત કરતાં રહ્યા. તેમ કરવામાં બાધકરૂપ અનેક વિઘ્નોથી સહેજ પણ નિરાશ થયા વિના મક્કમતાપૂર્વક ગુરુજીના ચીંધ્યા રાહે ઉત્સાહપૂર્વક કાર્ય કરતાં રહ્યા. સાથે સાથે કુટુંબ પરિવાર અને ઓમ્ પરિવારના સૌ કોઈ પ્રત્યેની પોતાની ફરજ-જવાબદારી ગર્વ રહીત ખંત અને પ્રેમપૂર્વક નિભાવતા રહ્યાં. આમ શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજીએ ગુરુજીનો તેમના પ્રત્યેનો વિશ્વાસ, ગુરુજીએ આપેલ આધ્યાત્મિક નામ અને

જીવન સાર્થક કર્યું. તેઓશ્રીનું આવું વીરલ જીવન આપણને પણ તેવું જીવવા સતત પ્રેરણા આપતું રહ્યું છે. તો આજે શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ આપણે સૌ સર્વજીવહિતાય-સુખાયના નિષ્કામ શુભ આશયથી પ્રેમ-નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરવા સંકલ્પબધ્ધ તેઓશ્રીને સાચી ભાવાંજલિ અર્પણ કરીએ.

તા. ૧૧-૫-૨૦૨૪ શનિવારે શ્રી સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુજીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના પરિવારજનોએ ઓમ્ પરિવારના ઉપક્રમે સ્વાધ્યાય-સત્સંગ તથા ભોજન-પ્રસાદનું જે આયોજન કરેલ છે તેનો આપણે સૌ પ્રેમપુર્વક સાત્વિક લાભ લઈએ.

**- શશીકાન્ત પટેલ**

•••

સત્ય ધર્મ ગુરુદેવ ની જય..

ડોક્ટર સદગુરુ સમર્પણ ભિક્ષુજીની પ્રથમ પુણ્યતિથિમાં ઉપસ્થિત સૌને જયનારાયણ જય ગુરુદેવ,

ડોક્ટર ભિક્ષુજી સાથે હળી મળીને આપણે સૌએ ખૂબ યોગદાન કર્યું છે એટલે એમનો પરિચય સૌને છે જ. ૪૦-૫૦ કુટુંબીજનોના પરિવારને એક છત નીચે સંભાળવાની તાલીમ, આગળ જતા એનાથી એ વિશાળ વટવૃક્ષ સમાન પરિવાર, ઓમ્ પરિવારની કમાન એમણે સફળતાપૂર્વક સંભાળી.

ગુસ્સામાં પ્રેમ અને પ્રેમપૂર્વકનો ગુસ્સો એમના સ્વભાવની ખાસિયતથી આપણે સૌ પરિચિત છીએ. આમ ગુસ્સા અને પ્રેમમાં ઘણી વાતો સમજાવી જતા, એનો ધીમે ધીમે આપણને સૌને પરિચય થતો ગયો. અને અંતે આપણને સહન કરતા કરતા એમણે અને એમને સહન કરતા કરતા આપણે શીખી લીધું, અને ઓમ પરિવારને ક્રમશઃ એક અનોખી ઊંચાઇ પર લઈ ગયા.

એમની ગેરહાજરી સૌને લાગે એ સહજ છે, પણ ઓમ્ પરિવારની લગામ એમની સંગતમાં રહેલા સૌના હાથમાં સલામત અને સુરક્ષિત છે. આપ સૌની હાજરી એ જ એનું પ્રમાણ છે એ માટે સૌને અભિનંદન. સત્ય ધર્મ ગુરુદેવની જય...

**- ભરત દેસાઈ**

•••

*"હરિના જન તો મુક્તિના માગે, માંગે જનમોજનમ અવતાર રે*
*નિત્ય સેવા નિત્ય કિર્તન ઓચ્છવ, નીરખવા ગુરુ મહારાજ રે"*

ડો. કાકા કહેતા "હવે આ શરીરથી ગુરુજીના કામે દોડાતું નથી નવું શરીર મળે તો વળી પાછા ઉત્સાહથી દોડી શકાય." અને કહેતા "હું ડોક્ટર ના હોત તો ચોક્કસ આર્મીમાં હોત."

કેવો તરવરાટ, કેવો જુસ્સો, કેવી ચોકસાઈ, કેટલી કામની ચીવટતા. ગુરુજીના સાચા પ્રેમી હતા એટલે ગુરુજી વગર તો કેવી રીતે રહી શકે.

હું કમ્પાઉન્ડર હતો ૨ મહિના માટે ત્યારે ડો. કાકાના હાથની પડતા પડતા રહી ગઈ હતી. કેટલો ભારે હાથ. મારા જેવો તો બેભાન જ થઈ જાય.

એકવાર દવાખાને કીડીની લાઈન જતી હતી તો મેં કહ્યું હું વાળી દઉં, તો મને કહે, ના. વાળીએ તો કોઈ કીડી મરી જાય, ખાલી લાઈન બદલી દઈએ તો બીજે જવા માંડે.

એકવાર દવાખાને ગુરુજી અચાનક આવી ગયા હતા, તો મેં જોયું કે બીજી સેકન્ડે ખુરશી પાછી કરી ઊભા જ રહ્યા અને જ્યાં સુધી ગુરુજી બેઠા હતા, ત્યાં સુધી ઊભા-ઊભા જ બધા પેશન્ટો જોયા.

**॥ ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીયે ॥**

હું ડૉ. કાકાને ક્યારેક-ક્યારેક કહેતો કે તમે મારા પપ્પાના બાકી નીકળતા પૈસા ૧૦-૧૫ વર્ષ સુધી માંગ્યા નહોતા, તો મને કહે "તારા બાપા પાસે શું પૈસા માંગે, હોય તો આપે ને." કેટલાયના પૈસા જતાં કર્યા હશે, દવાખાનું નહીં પણ સદાવ્રત ચાલતું હતું.

કોઈનું દીકરો નથી માનતો, વહુ નથી માનતી, સાસુ નથી માનતી, સસરા નથી સાંભળતા, બધું લોકો કાકાને આવીને કહે, કાકા બધાને સમજાવે, નિરાકારણ લાવે, સાચી સમજણ આપે.

મને કહે "આવા ગુરુજી માટે તો માથું માંગે તો તરત આપી દઉં" આપણે તો કદાચ બોલી પણ ના શકીએ પણ કાકા તો કરીને બતાવે એવા હતા...

શું આવા લોકો ફરી જન્મશે ખરા???

મને એક વાર પોસ્ટ ઓફિસ મોકલ્યો હતો. ઋતંભરા પોસ્ટ કરવા, લાંબી લાઈન હતી કલાક ઉપર લાગે તેવું હતું, તો હું પાછો આવ્યો. તો મને બરાબર ખખડાવ્યો હતો અને કીધું કે "આટલો ફરક છે, તારા ને મારાંમાં હું ગયો હોય તો કામ પતે નહીં ત્યાં સુધી પાછો ના આવું." હજુ ભુલાતું નથી.

દિવાળી આવે ત્યારે જ બધા ના પૈસાનો હિસાબ થાય, એવી ચોપડી સિસ્ટમ છેક સુધી ચાલુ રાખી, હું કહું આ તો બહુ જૂની પધ્ધતિ છે કાકા, તો મને કહે "આ એટલા માટે ચાલુ રાખી છે કે કોઈને પૈસાની તકલીફ હોય તો દવાખાને આવતા મન ખચકાય નહીં."

ગાંડું અને ખેતર, એમને બહુ ગમતાં, મારી સાથે મોડે સુધી વાતો કરે, મને બગાસું આવે તો અંદર-અંદર ખાઈ લઉં, પણ એમને ખબર ના પડવા દઉં, તોય એમને ખબર પડી જાય અને મને કહે... "હવે તને ઊંઘ આવતી લાગે છે, તું ઘરે જા."

આપણે આવીને 'જય નારાયણ' કહીએ તો ગમે તેટલા કામમાં હોય તો પણ સામે પ્રેમથી 'જય નારાયણ' કહેવાનું ભૂલે નહીં. મને તો માં-બાપ જેવો પ્રેમ છેક સુધી મળ્યો છે. ઘણા આવ્યા ને ગયા પણ આપ કદી ના ભુલાય એવું વ્યક્તિત્વ હતા.

છેલ્લે શનિવારે વાત થઈ તો મને કહે "મારે સોમવારે એન્જીયોપ્લાસ્ટી છે, તારે કોઈને કહેવાનું નહીં, બાપાને ય નહીં, કેમ કે નહીતો વ્યવહાર કરવા બધાને મળવા આવવું પડે."

આપણે સૌ એમના જેવા થવાનો પ્રયત્ન કરીએ એ જ એમને સાચી શ્રધ્ધાંજલિ છે.

આપણે સૌ ઓમ્ પરિવારમાં પરરસ્પર સંપ રાખીએ તો એમને સાચી શ્રધ્ધાંજલિ છે. આપણે સૌ ઈશ્વરની સાચી ઓળખ ૐ નારાયણનું નામ અને ગુરુજીના જ્ઞાનને ગગનમાં ગુંજવીએ એ જ એમને સાચી શ્રધ્ધાંજલિ છે. આપણે સૌ ઓમ્ પરિવારના કાર્યક્રમોમાં હાજરી આપીએ એ જ એમને સાચી શ્રધ્ધાંજલિ છે.

ઓમ્ ગુરુની ગજવીએ ગર્જના, ગાઈએ ગાયત્રી રોમે-રોમ.

- જગત સોની

• • •

ઓમ્ પરિવારના સર્વે ભાઈ-બહેનોને 'જય નારાયણ', તા. ૧૧-૫-૨૦૨૪ના રોજ ડૉ. સોમાભાઈની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે મારે બે મિનિટ બોલવું જોઈએ, તૈયારી પણ હતી, છતાં બે વાક્યો પણ બોલી શકીશ નહીં એમ લાગતાં ઊભો થયો ન હતો. કારણ કે તા. ૧૧-૫-૨૦૨૩ નું દૃશ્ય આંખો સમક્ષ આવી ગયું હતું.

ડૉ. સોમાભાઈ મારા માટે વેવાઈ નહીં પણ ખૂબ સારા મિત્ર હતા. તેથી જ તેઓ મને "C.S." કહીને બોલાવતા હતા. એમની સલાહ, સૂચન અમલમાં પણ

॥ જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ ॥

મૂકતો હતો. અમે જ્યારે એકલા બેઠાં હોઈએ ત્યારે અંગત વાતો પણ થતી હતી.

એમનો હસમુખો, રમૂજ કરતો સ્વભાવ ખૂબ લાંબા સમય સુધી યાદ રહેશે. તેમની ક્લીનિકમાં આવતા કોઈ પણ પેશન્ટ દવા લીધા પહેલા અડધો સાજો થઈ જતો.

એમના ગયા પછી ઘણા પેશન્ટ પાસેથી સાંભળ્યું છે કે - "ચાલીસ વર્ષથી બીજા કોઈ ડૉક્ટરના દવાખાનાના પગથિયા ચડ્યા નથી." આ શબ્દો અમદાવાદ બહારના પેશન્ટના છે. અમે જ્યારે કેનેડા હતા ત્યારે અમે પણ "Whatsapp" પર તેમની સલાહ અને દવા લેતા હતા. એમણે લખી આપેલી જનરલ દવાઓ અમે કેનેડા લઈને ગયા હતા.

આદરણીય ગુરુજી અને ડૉક્ટર આપણી સાથે હતા ત્યારે બે-ત્રણ દિવસમાં એક વખત ગુરુજીને મળવા જતા અને ગુરુજી કહે કે: "હવે તમે ઘેર જઈ શકો છો". ત્યાં સુધી બેસતા. ફોન તો દિવસમાં બે-ત્રણ વખત થતાં. આ વાત તેમણે મને કહેલી છે.

**("મારું અંગત મંતવ્ય":-)**

પૂ. ગુરુજી આ દુનિયામાંથી મુક્ત થયા પછી તેમણે જ ડૉક્ટરશ્રીને બોલાવી લીધા હશે. કારણ કે - ગુરુજીનું સ્વર્ગમાં પણ એકલા રહેવું (ડૉ. સિવાય) મુશ્કેલ હશે, એમ હું માનું છું.

તો પછી પ્રશ્ન એ થાય છે કે - આદરણીય ગુરુજીએ ડૉક્ટરશ્રીના કુટુંબીજનો અને ઓમ્ પરિવારને તેમના વિયોગનું કેટલું દુઃખ થશે, તે નહીં વિચાર્યું હોય?

પૂ. ગુરુજીએ આપણને અને સમાજને તેમના પુસ્તકો દ્વારા, પ્રવચનો દ્વારા, ભજનો અને પત્રિકાઓ દ્વારા ઘણું બધું પિરસ્યું છે, આપ્યું છે.

તે બધાનું વાંચન, ચિંતન, મનન થતું રહેશે તો પૂ. ગુરુજી અને ડૉક્ટરશ્રીનો વિયોગ સાલશે નહીં.
'જય નારાયણ'

સત્ય ધર્મ ગુરુદેવ કી જય.

- પ્રો. સી.એસ. પટેલ

# સત્ય ધર્મ ગુરુદેવ ની જય..

ભાવેશ રાવલ

પ્રિય શ્રદ્ધેય ઓમ પરિવારના સર્વે સ્વજનો,
જય નારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગીરાજ મહારાજ "શ્રી યોગભિક્ષુજીની" ની જીવની પર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા માં બનેલ "**અમર યોગી ની અમર કથા**" નામની દસ્તાવેજી ફિલ્મ "ઇપિક, આસ્થા, સંસ્કાર, સત્સંગ, દિશા, શુભ, ભક્તિ અને મંતવ્ય ન્યુઝ ચેનલ પર પ્રસારિત થયેલ . પ્રસારણ પામેલ દસ્તાવેજી ફિલ્મ જે તે ટીવી ચેનલ ની સાઇટ, યુ ટ્યુબ અને ઓમ્ પરિવાર ની વેબસાઈટ **www.yogbhikshu.org** પર મોજુદ છે.

અવાર નવાર જોતા રહેવાથી દર વખતે કંઈક નવું જાણવાની સાથે જોઈતું મળી જતું હોય છે.

સત્ય ધર્મ ગુરુદેવ કી જય
જય નારાયણ

॥ ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીયે ॥

## ॥ ગુરુદેવ શ્રી ની કૃપાથી ત્ર્યમ્બકેશ્વરમાં થયેલ આધ્યાત્મિક અનુભવ ॥

સંકલન : ગુરુપ્રેમી

પરમ પૂજય ગુરુદેવ યોગીરાજ શ્રી યોગભિક્ષુજી મહારાજ શ્રી ના આશીર્વાદ અને આજ્ઞા લઈને, અમો એટલે કે હું અને મારા પત્ની વર્ષો પહેલાં કુંભ મેળાના સમયમાં નાસીક ખાતે દર્શને ગયા હતા. તે વખતે ત્યાં ખુબ જ ભીડ હતી. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુંઓ ત્યાં આવેલ હતા. પણ શ્રી દેવકુટીર નામનાં પૂજારીશ્રીએ ત્ર્યમ્બકેશ્વરની એક નવી જ હોટલમાં જેનું અનુવાદ બિલીપત્ર થાય છે. તેમણે ત્યાં અમને ઉતરવાનું ચિંધેલ. જેથી અમે ત્યાં ઉતરેલા. વહેલી સવારે તેઓએ જવાબદારી લીધેલ કે, હું તમારા સરસ દર્શન કરાવીશ. જેથી ગર્ભદ્વારમાં જઈને ત્ર્યમ્બકેશ્વર મંદિરમાં અમોએ દર્શન કર્યાં. પણ ગર્ભદ્વારમાં મહિલાઓનો પ્રવેશ નિષેધ હતો એટલે હું એકલો જ જઈ શક્યો. સ્વભાવિક છે મારી પત્નીને તે વખતે દેવદર્શન નહીં થવાનો વસવસો રહ્યો હોઈ પૂજારીશ્રી દેવકુટીરે એવું નક્કી કરેલ કે, આપણે મંદિરના પટાગણમાં શિવજીના દ્વાર સામે જ પૂજા કરીશું.

વહેલી સવારનો સમય હતો. ખુબ જ સાધુ-મહાત્માઓની અવર-જવર હતી. તેમાંય અખાડાના દિગમ્બર સાધુઓ સેંકડોની સંખ્યામાં સૌથી પ્રથમ આવી રહ્યા હતાં. ખુબ જ અલૌકીક દશ્ય હતુ. ત્યારપછી આમ જનતા આવી રહી હતી. પરંતુ અમોને એક અલગ જ ખાનગી દ્વાર થી તેઓ અંદર લઈ ગયા. પટાંગણમાં તેઓએ પૂજાની શરુઆત કરી. મહાદેવ (શિવજી) ની પૂજા અમોએ અને મારી પત્નીએ સાથે બેસીને પૂજા કરેલ. પછી ભગવાનની આરતી કરેલ. અને પૂજારી, આરતીની જ્યોત મંદિર તરફ મહાદેવને અર્પણ કરી રહ્યા હતા તે સમયે ખુબ જ આકર્ષક, મનમાં વસી જાય તેવાં દિવ્ય બાળક જેવા યુવાન જેવા દંપતી સાધારણ વેશમાં ત્યાં આવેલ. તેઓએ જાતે જ તે આરતી ની જ્યોત, તેમના મુખે અર્પણ કરી. ત્યાં જ પૂજારી શ્રી દેવકુટીરે તેનો વિરોધ કરેલ અને કહેલ કે, આ આરતી તો હું ભગવાન મહાદેવને (શિવજી) ને અર્પણ કરી રહ્યો છું, તમે કેમ લઈ રહ્યા છો ? પણ તેઓ તો તે આરતી લઈને મંદ મંદ હાસ્ય વેરતા ચાલ્યા ગયેલ. અમારી નજર તેમની ઉપર જ હતી. તેઓ બંન્નેની જે હાથમાં હાથ પરોવીને ચાલવાની જે ગજચાલ હતી તે ખુબ જ અલોકીત હતી, દિવ્ય હતી. અમો વશીભૂત થઈને તે જોઈ રહ્યા હતા. અને અચાનક તેઓ ક્યાં જતા રહ્યા, તેની જાણ પણ ના રહી. અમોને ઘણા લાંબા સમય પછી વિચાર આવેલ કે, કદાચ ભગવાન રામસીતાજી સ્વયં જ આરતી ગ્રહણ કરવા આવ્યા હશે. અને આપણે ઓળખી પણ ન શક્યા !!

### ॥ ગુરુદેવ કૃપાથી કાશી વિશ્વનાથ દર્શન ॥

જે દિવસ અમો દર્શને ગયા હતા, તે દિવસ પણ ખુબ જ અગત્યનો હતો. ૧૨ કે ૨૪ વર્ષે, તે દિવ્ય દિવસ આવતો હતો. ત્યારબાદ મારી પત્નીની ઈચ્છા હતી કે, મહાશિવરાત્રીના દિવસે બનારસમાં કાશી વિશ્વનાથના દર્શન કરીએ. તે પણ અશક્ય હતું. છતાં પણ અમોએ અમારા બનારસ સ્થિત મિત્રોને આ વિશે વાત કરતાં, તેઓએ કહ્યું કે, બનારસ આવી જાવ. મહાશિવરાત્રીની મધરાત્રે ભગવાનના દ્વાર શણગાર

માટે બંધ કરવામાં આવેલ હતા અને અમુક સમયે જ તે દ્વાર ખોલવાના હતા. હજારો લાખો શ્રદ્ધાળુઓની ભીડ લાગેલ હતી. ત્રણ થી સાત કિલોમીટર સુધી ની લાઈનો લાગી હતી. પરંતુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદથી બનારસના અમારા મિત્ર, અમોને તથા મારી પત્નીને ગલીઓમાંથી, કાદવ-કિચડ વાળા રસ્તેથી કાશી વિશ્વનાથના મંદિરે દર્શન માટે લઈ ગયેલ. અમોએ મંદિરના ગર્ભગૃહમાં બેસીને ભગવાન કાશી વિશ્વનાથની (મહાદેવની) સામે બેસીને તેમના ખુબ જ પેટ ભરીને દર્શન કર્યા. ત્યારબાદ ભાવિકોનો દર્શન કરવા માટેનો પ્રવાહ શરુ થયો. પછી અમો ભગવાનના દર્શન કરીને પરત હોટેલ પાછા આવેલ.

બીજા દિવસે કાશીના ગાઈડ સાથે કાશી વિશ્વનાથના રસ્તાઓ પર નિકળ્યા. રસ્તામાં જ એક નિશાન બોર્ડ જોયેલ, "યોગીરાજ લાહરીમોસાય" નામના બોર્ડનું નિશાન હતું. અમોએ તે વિશે અમારા ગાઈડને પૂછ્યું, ત્યારે ગાઈડે, તે બાબતની કોઈ જાણકારી નથી, તેવું અમોને જણાવેલ. તેમ છતાં અમોએ અમારા ડ્રાઈવરને તે ગલીમાં લઈ જવા માટે કહ્યું. અમદાવાદના રાયપુર-ખાડીયાની પોળોની જેવી જ સાંકળી ગલીઓ જેવી બનારસની તે શેરીઓ છે. જેથી ગાડી અંદર જઈ શકેલ નહીં. અમોને આગળના રસ્તે ચાલતા-ચાલતા જવું પડેલ. આગળ જતાં ત્યાં "મહર્ષિ લાહરીમોસાય" નું નિવાસ સ્થાન આવ્યું. જે બંધ હતું. ત્યાં પૂછતાછ કરતાં જાણવા મળેલ કે, આ નિવાસ સ્થાન અમુક જ દિવસે વર્ષમાં ખુલે છે. પરંતુ આગળ જશો તો લાહરીમોસાયના પૌત્રને દિક્ષા મળેલ તે નિવાસ સ્થાન કે જેનું નામ સત્યલોક છે તે ત્યાં આવેલ છે. ત્યારબાદ અમો તે દિશામાં ઘણે ઉંડે સુધી ચાલતા-ચાલતા ગયા અને ગલીનો અંત આવતા "સત્યલોક" આવ્યું. અમો સત્યલોક પહોંચ્યા. સત્યલોકમાં શ્રી લાહરીમોસાયના બંન્ને પૌત્ર ની વચ્ચે યોગીરાજશ્રી શ્યામાચરણ ની લાહરીમોસાયની મૂર્તી હતી. એકબાજુ શ્રી લાહરીમોસાયની સમાધી હતી. યોગીરાજ શ્રી શ્યામાચરણ લાહરીના ફોટાઓની સાથે તેમના પૌત્ર અને તેમના પણ પૌત્રના ફોટાઓ હતા. તેમાંથી એક ફોટો અમોને ઘણો જાણીતો લાગેલ. જેથી અમોએ ત્યાં હાજર વ્યક્તિને તે ફોટા વિશે પૂછતા, તેઓએ જણાવેલ કે આ "શ્રી શિવેન્દુ લાહરી" છે અને તેઓ અત્યારે આધ્યાત્મિક ગુરુ છે. યોગીરાજ શ્યામાચરણ લાહરીના પુત્ર એટલે કે પૌત્ર સત્યચરણ લાહરીના તેઓ પુત્ર છે. જેઓ પેરીસમાં રહે છે. અને ત્યાંથી આખા વિશ્વમાં ફરીને ક્રિયા યોગ ની દિક્ષા આપે છે. હાલમાં તેમની ઉંમર આશરે ૮૦ વર્ષની હશે. પછી અમો અમદાવાદ પરત આવી ગયેલ.

અમોને અમદાવાદ પરત આવ્યા, પછી સ્મરણ થયેલ કે ઘણા વર્ષો પહેલાં શ્રી શિવેન્દુ લાહરી રાજ્ય સરકાર માં ઉચ્ચ અધિકારી હતા. તેમને પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગીભિક્ષુજી મહારાજ શ્રી ના દર્શન કરાવેલા. તે સમયે ગુરુજીના અનન્ય ભક્ત શ્રી હર્ષદભાઈ પટેલ (માસ્તર) સાથે હતા. તેઓએ પરમ પૂજ્ય ગુરુજીને પોતાનો પરિચય આપેલ કે મહર્ષિ શ્યામચરણ લાહરીમોસાયના પુત્રનો હું પુત્ર છું. તેઓ તેમના હોદ્દાની મહત્તાનું વર્ણન કરતા રહ્યા. ત્યારપછી શ્રી શીવેન્દુ લાહરીને નોકરીમાં થોડા સરકારી વિઘ્ન ઉભા થયા. જેથી તેમણે રાજીનામું આપીને પરત બનારસ ચાલ્યા ગયા. શીવેન્દુ લાહરી સાથે જ અન્યાય થયેલ હતો, તેનું અમોએ જનસત્તા દૈનિક પત્રમાં તે વખતે હું દર્પણ નામનું કોલમ લખતો હતો અને તે વખતે શ્રી શીવેન્દુ લાહરીને ન્યાય મળે તે રીતની સ્ટોરી લખેલ

હતી. તે પણ મને યાદ આવેલ. જેથી અમોએ યેનકેન પ્રકારે શ્રી શીવેન્દુ લાહરીનો પેરીસ ખાતે સંપર્ક કર્યો, તેમની સાથે અમારે બે કલાક કોલ પર વાત ચાલી. તેઓ કહેતા હતા કે, તેઓને અમુક વાતો યાદ છે, અમુક વાતો યાદ નથી પણ આપણે જરુરથી મળીશું. આમ, યોગીરાજ શ્યામચરણ લાહરીના પૌત્રના પુત્ર શ્રી શીવેન્દુ લાહરીનો ટેલીફોનીક સંપર્ક થયો. આ વાત ને બે વર્ષ વીતી ગયા બાદ પરમ પૂજ્ય યોગીરાજ શ્રી યોગભિક્ષુજીએ અમોને ખુબ જ જૂની કદાચ અસલ આવૃત્તિ એવી મહર્ષિ શ્યામચરણ લાહરીજીનું હિન્દી ભાષામાં લખેલ પુસ્તક કે, જેમાં ગુરુજીએ ઘણી લાઈનો ઉપર જાતે જ લખીને રીમાર્ક કરેલ છે, આ પુસ્તકનું સંકલન યોગીરાજ શ્યામચરણ લાહરીજીના પૌત્ર શ્રી સત્યચરણ લાહરીએ કરેલ હતું. મૂળ બાંગ્લા ભાષામાં લખાયેલું. જેનું ભાષાંતરણ હિન્દી ભાષાંમાં થયેલ. તે હાલમાં સમય મળે ત્યારે તેનું વાંચન કરવાનો પ્રયાસ કરું છું. ૧૯૮૫ થી ૨૦૨૪ સુધીના આ બધા આધ્યાત્મિક અનુભવ-આશીર્વાદ પરમ પૂજ્ય શ્રી યોગીરાજ ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના આશીર્વાદથી જ શક્ય થયા.

**॥ પરમ પૂજ્ય શ્રી યોગીરાજ ગુરુદેવ શ્રી મોક્ષધામમાં ગમન પહેલા અને બાદમાં તેઓશ્રીએ આપેલા આશીર્વાદ ॥**

પરમ પૂજ્ય શ્રી યોગીરાજ ગુરુદેવ શ્રી યોગી ભિક્ષુજીએ મોક્ષધામમાં ગમન કર્યું, તેના એક દિવસ પહેલાં તેમના દર્શન કરવાનું અહોભાગ્ય સાંપડ્યું. હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર કરવા માટે કે ઘરે ડૉક્ટરો રાખીને સારવાર લેવાની તેમની ઈચ્છા નહોતી. કદાચ છેલ્લા અઠવાડિયાથી હળવા હૃદયના હુમલાઓ, તેઓશ્રી સહન કરી રહ્યા હતા. તે માઈન્ડ એટેકના દર્દને હું જોઈ રહ્યો હતો. દર્શન કરીને રુમની બહાર નિકળ્યો. તેમણે પરત બોલાવ્યો. નજીક આવો, હું નજીક ગયો. માથે હાથ મૂક્યો. મારી સામે જોતા રહ્યા. આસું પીને હું રુમમાંથી બહાર નિકળ્યો. અને બીજા દિવસે મોક્ષધામમાં તેમના ગમન ના સમાચાર સાંપડ્યા.

"પૃથ્વી પરના કદાચ એકમાત્ર મહાન યોગીરાજ શ્રી ના અસ્થીના વિસર્જનનો અમને લાભ મળ્યો." આજીવન તેઓએ સ્વયં જીવન નિર્વાહ કર્યો હતો. તેઓએ ન આશ્રમ બનાવ્યા કે ના ચેલા બનાવ્યા. "ના તો કોઈ પાસે દાન દક્ષિણા લીધી કે ટહેલ નાખી." એક માત્ર રુમમાં તેમનું રસોડું, બેડરુમ, ધ્યાન રુમ, આવું તેમનું સાદુ જીવન હતું. આ પૃથ્વી પર તેઓશ્રીએ હજારો ગુરુપ્રેમીઓ મેળવ્યા. તેમણે બધાને ચાહ્યા. ગુરુપ્રેમીઓએ તેમને પણ હૃદય થી ચાહ્યા.

અસ્થી વિસર્જન માટે પ્રથમ હરિદ્વાર હર કી પૌડી પર ગયા, ત્યાંથી હજારો વર્ષ પહેલાં ના સમુદ્ર મંથન સમય પહેલાનાં નિલકંઠ મહાદેવ ગયા. પરમ પૂજ્ય ગુરુજીનો નિલકંઠ મહાદેવ સાથેનો યોગીક નાતો છે. જે રહસ્ય હજુ સુધી શોધી શકાયું નથી. આ રહસ્ય મારા સ્વ.માતૃશ્રી સાથે પરમધામમાં પરમ પૂજ્ય ગુરુદેવે જે સંવાદ કરેલ, તેમાં ધરબાયેલું છે. નિલકંઠ મહાદેવમાં હજારો ભક્તોની ભીડ, ત્યાં અમારે ગર્ભદ્વારમાં અભિષેક કરવો હતો. ખુબ જ પ્રયત્ન બાદ ચાર કલાક બાદ મંજુરી મળી. નિલકંઠ મહાદેવની જગ્યામાં પ્રવેશ કર્યો, ત્યારથી એક સશક્ત યુરોપીયન અમારી આસપાસ જ ઘૂમરાયા કરતાં હતા. કદાચ નદી સમાન વર્ણન કરી શકાય. રુદ્રા અભિષેક કર્યો, તો પણ તે ત્યાંથી ખસતા જ નહોતા. લગભગ દસેક કલાક સુધી અમો ત્યાં રહ્યા. ત્યાં સુધી તેઓ અમારી આસપાસ જ રહ્યા. "અમો તેમને પૂછી ન શક્યા કે તમે કોણ ?"

અને ક્યાંથી આવો છો ? આ રહસ્ય શોધવા અમોએ ત્યાંથી પરત આવ્યા બાદ નિલકંઠ મહાદેવના સેવકો અને આજુબાજુની હોટલોમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે, આવા કોઈ વારંવાર અહીં આવ્યા નથી. પ્રથમ વાર જ જોયા છે. તેઓએ ત્યાં પૈસા ભરીને કર્મકાંડી બ્રાહ્મણો પાસે ગર્ભગૃહની બહાર લઘુ રુદ્ર અભિષેક કર્યો હતો.

હરિદ્વાર થી પ્રયાગરાજ જવા નિકળ્યા. સીધી ફ્લાઈટ રદ્ થઈ હોવાથી લખનૌ ગયા. ત્યાંથી બાય રોડ પ્રયાગરાજ જવા નિકળ્યા. દહેરાદૂન થી જ એક વિદેશી બહેન અમારી સીટની બાજુમાં બેઠેલા. લખની થી પણ કારમાં બાજુની સીટ પર અમારી સીટ ની બાજુમાં, અમોએ સાથે આવેલા મહારાજશ્રી ને કહ્યું અસ્થિ કલશનું ધ્યાન રાખજો, હાથમાં જ રાખજો. જોકે તેઓ સતત ધ્યાન રાખી રહ્યા હતાં. પણ અમો તે વિદેશી મહિલાની આક્રમક વર્તુણકથી થોડા ગભરાયા. એટલે તે વાનમાંથી ઉતરીને બીજી ભાડાની કારમાં પ્રયાગરાજ રાત્રે પહોંચ્યા. બીજા દિવસે ત્રિવેણી સંગમ માં પંડિતોની ઉપસ્થિતિમાં અસ્થિ વિસર્જન કર્યું. પરત આવતાં પ્રયાગરાજના પ્રસિદ્ધ બેટે હનુમાનજીના દર્શન કર્યા. હનુમાનજીના મંદિરમાં સેંકડો ની ભીડ માં ધરાઈ ને દર્શન કરીને બહાર પરત આવતાં "એક વ્હીલચેરમાં બેસેલા શ્વેત વસ્ત્ર અને શ્વેત દાઢી ધારી તેજસ્વી સંતે જે આશીર્વાદ વચન ઉચ્ચારીયા હતા." તે સ્વર નાંભીમાંથી આવતો હતો. અમારા રૂવાટા ખડા થઈ ગયા. ઘણું દિવ્ય હતું. વર્ણન થઈ શકે તેવું નથી.

પ્રયાગરાજ થી કાશી વિશ્વનાથ પહોંચ્યા. ત્યાં પણ ગંગા માતાજી ના જલ પ્રવાહમાં કાશી વિશ્વનાથ ના મર્ણીકર્ણિકા સ્મશાન ગૃહની સામે જ બોટ ઉભી રાખીને અસ્થી વિસર્જન કર્યું. ત્યાંથી યોગીરાજ શ્રી તૈલંગ સ્વામીની સમાધી મંદિર છે. તે ઘાટ પર ગયા. બપોરનો સમય હતો. ત્રણ સશક્ત પહેલવાન જેવા સુડોળ શરીર ધરાવતા, તેઓ એક બીજાને તેલની માલીસ કરી રહ્યા હતા. અને માલીસ થયા પછી ગંગા નદીમાંથી ઉંચાઈથી છલાંગ લગાવતા તીવ્ર વહેણમાં જલની અંદર જ તરતા હતા.

શ્રી તૈલંગ સ્વામી નું મંદિર બંધ હતું. બારીમાંથી દર્શન કર્યાં. કદાચ તે દિવસે બારી ખુલ્લી રહી ગઈ હશે. પરત આવતા સમયે કડી ચઢાઈવાળી અસંખ્ય પગલાં ઉતરવાની શરુઆત કરી. અને તે ત્રણેય અમોને ફરી મળ્યા. મોટે થી બોલ્યા કે "બ્રહ્મા, વિષ્ણુ, મહેશ" ના દર્શન કરીને જજો. અમે કહ્યું કે તે ક્યાં છે ? તો ઘાટ પર કોતરેલ ત્રણે ભગવાનની મૂર્તિ બતાવી. અમો અને સાથે આવેલા મહારાજશ્રીએ ભાવપૂર્વક વંદન કર્યાં.

અમદાવાદ આવ્યા બાદ મન માનવા તૈયાર જ નહોતું કે, તેઓ કોઈ સાધારણ નાગરીક હતા. ગંગા નદી ના સેવકો સાથે સતત છ મહિના સુધી સંપર્કમાં રહીને, તેઓ અમે ગયા હતા તે સમયે કે પહેલાં કે પછી તેઓ ત્યાં આવે છે કે નહિં ? તેની તપાસ કરતાં રહ્યાં. છેવટે તેઓએ કહ્યું કે આપે જેમને જોયા હતા તેઓ કયારેય પછી દેખાયા નથી. અમો તપાસ કરતાં રહીએ છીએ.

જોવાની ખુબી એ હતી કે, હરિદ્વાર, પ્રયાગરાજ, બનારસ વિગેરેમાં આધુનિક હોટલોમાં રહેવા માટે બે રુમ બુક કરી હતી. સંજોગો એવા થયા કે, ત્રણે સ્થળે પવિત્ર ધાર્મિક સંસ્થાઓમાં જ રહ્યા. પછી ખબર કે અસ્થિ કલશની પવિત્રતા માટે આ બધું થઈ રહ્યું છે. આ બધા રહસ્યો જ રહ્યા. પરમ પૂજ્ય ગુરુદેવની શરીરની હયાતીમાં હું તેમને આધ્યત્મિક અનુભવો વિશે બધું જ કહેતો અને પૂછતો. તેઓ માર્ગદર્શન આપતા રહેતાં.

# ગંગેશ ગંગોત્રીની યાત્રાએ

સંકલન : શેખર પટેલ

(ગતાંકથી ...)

બીજા દિવસે વહેલી સવારે ચાર વાગ્યે અમે સૌ ઊઠી ગયા. નિત્યકર્મથી પરવારી, ચા-નાસ્તો કરી અમે બધાએ ગૌમુખ તરફની યાત્રા શરૂ કરી. લગભગ બે કિલોમીટર આગળ ગયા હોઈશું ને ડોળીવાળા તથા ઘોડાવાળા ભાઈઓએ કહ્યું, 'અહીંથી આગળ ઘોડા કે ડોળી જશે નહી, ચાલતા જવું પડશે'. અમે સૌ પૂજ્યશ્રી સાથે ચાલતા ચાલતા આગળ વધ્યા. રસ્તો ખરેખર ખૂબ જ વિકટ હતો. રસ્તામાં પથ્થરોની વચ્ચે એક નાનું તળાવ આવ્યું. લીલના કારણે પાણી લીલું થઈ ગયેલું. ચાલતા હતા ત્યાંથી જરાક પગ લપસે તો સીધા પાણીમાં. એકબીજાના હાથ પકડી મહામુસીબતે અમે આગળ વધતા હતા. સૂર્યનાં કિરણો બરફાચ્છાદિત પર્વતો ઉપર પડતાં પર્વતોની કિનારો સોનેરી રંગથી ચમકી રહી હતી. આવું અનુપમ દૃશ્ય જોતા જોતા અમે ધીરે ધીરે આગળ વધતા હતા. થોડેક ઉપર ગયા ત્યાં નાથબાવાની ઝૂંપડી આવી. ત્યાંથી આગળ વધ્યા. લગભગ નવેક વાગે અમે ગૌમુખની નજીક પહોંચવા આવ્યા. એકાદ ફલાંગ દૂર હોઈશું ત્યાં જ સમતલ જગ્યા ઉપર બધા સ્નાન કરતા જોવા મળ્યા. પણ અમારે તો છેક ગૌમુખ જવું હતું એટલે અમે આગળ વધ્યા, અડધા કલાક પછી અમે ગૌમુખ પહોંચ્યા. જેમને સ્નાન કરવાની ઇચ્છા હોય તેમને પૂજ્યશ્રીએ સ્નાન કરવા માટે છૂટ આપી. પરંતુ બધા ખૂબ થાકી ગયા હતા તેથી પહેલાં તો સૌ શાંતિથી બેઠા.

પૂજ્યશ્રી એક શિલા ઉપર બેઠા. તેઓશ્રીએ દૂરબીન દ્વારા ગૌમુખ તથા દૂરદૂરના પર્વતોને ખૂબ ઝીણવટથી નિહાળ્યા. ત્યારબાદ ડૉક્ટરભિક્ષુને દૂરબીન આપીને એક ચોક્કસ સ્થાન તરફ ઇશારો કરીને પૂછ્યું, 'દૂરબીન દ્વારા જોઈને કહો કે ત્યાં શું દેખાય છે? ડૉક્ટરભિક્ષુ કહે કે 'ગંગાજીની ધારા ગાયના મુખ જેવા આકારવાળા ભાગમાંથી પડતી દેખાય છે.' ત્યારબાદ પંકજભાઈને પૂછ્યું કે ત્યાં શું દેખાય છે? પંકજભાઈએ કહ્યું 'કોઈ પશુના (બનતા સુધી બળદ કહેલું) મુખને અથડાઈને પાણી પડે છે. 'તરત જ પૂજ્યશ્રીએ ટકોર કરી કે જેવી જેની દૃષ્ટિ. પૂ. ગુરુદેવ જે શિલા ઉપર બેઠા હતા તે શિલા ઉપર જ અમે બધાએ એક સમૂહ ફોટો પડાવ્યો. થોડો નાસ્તો સાથે લીધો હતો તે આરોગ્યો. પૂજ્યશ્રીએ શિલા ઉપરથી ઊતરી ગંગાજીમાં પગ બોળી સૂર્યદેવને ત્રણ વખત અર્ઘ્ય આપ્યો.

ગૌમુખની બાજુમાં જ એક પર્વત છે, તેને શિવલિંગ પર્વત કહે છે. તેનો આકાર શિવલિંગ જેવો છે.તેના ઉપર બારેમાસ બરફ છવાયેલો રહે છે.એવી લોકવાયકા પણ છે કે શિવલિંગ પર્વતની પાછળ જ કૈલાસ પર્વત આવેલો છે. વળી દર વર્ષે ગૌમુખ થોડુંક પાછળ ખસે છે. કારણ કે શિવલિંગ પર્વત ઉપરનો થોડો બરફ પાણી રૂપે વહી જાય છે.

અહીં આઠ યુવાનો સાઇકલ લઈને આવેલા. તેઓ છેક ગંગાસાગરથી ગૌમુખ સુધી સાઇકલ ઉપર આવ્યા હતા. તેઓને કુલ ત્રણ હજાર કિલોમીટરનો રસ્તો કાપતાં પિસ્તાલીસ દિવસ થયા હતા. જે જગ્યાએ સાઇકલ ચલાવી શકાય તેમ ન હોય ત્યાં તેઓ સાઇકલ ઉપાડી લેતા હતા. કેવી કઠિન યાત્રા !

થોડો સમય આરામ કરી ગૌમુખથી અમે પાછા ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું. અમે પૂજ્યશ્રી સાથે ચાલતા

હતા. પૂજ્યશ્રી પ્રેરણાદાયક વાતો કર્યે જતા હતા. બધાને ખરેખરો થાક લાગેલો. પૂજ્યશ્રીએ કહ્યું, 'ખરા યોદ્ધાને થાક્યા પછી લડવા મોકલાય ત્યારે જ તેનું ખમીર મપાય.' પછી મારી તરફ ફરીને કહે કે 'શેખરભાઈ! તમે તો હનુમાનજી છો! જરૂર પડ્યે મને ખભે બેસાડી લઈ જાવ ને.' પૂજ્યશ્રીના સ્વમુખે આ વાત સાંભળી હું ગદ્‌ગદ્‌ થઈ ગયો. પ્રભુની આટલી નજીક રહેવા છતાં પણ આપણે તેમને ઓળખી શકતા નથી. મનની કેટલી પામરતા! ધીમે ધીમે ચાલતા અમે અમારા ઘોડાવાળા અને ડોળીવાળા ભાઈઓ પાસે પહોંચ્યા. પૂજ્યશ્રી ડોળીમાં બેઠા. અને અમારામાંથી થોડા ભાઈઓ ઘોડા ઉપર બેઠા. પૂજ્યશ્રીએ કહેલું કે સૌને વારાફરતી ઘોડા ઉપર બેસવું જેથી થાકી ના જવાય. ભોજવાસા પહોંચી, ત્યાં રાખેલો અમારો સામાન લઈ અમે ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું. ભોજવાસાથી નીકળી અમે ચીડવાસા પહોંચ્યા. ત્યાં પહોંચી જેમની ઇચ્છા હતી તેમણે સૌએ ભોજન લીધું, બાકીનાએ ચા પીધી.

ડોકટરભિક્ષુએ પૂજ્યશ્રી માટે મોળી રસોઈ તૈયાર કરાવી. પૂજ્યશ્રીએ પણ થોડો ભોજન-પ્રસાદ લીધો. અમે સૌ તાજામાજા થઈ ગંગોત્રી તરફ આગળ વધ્યા. નીચે ને નીચે ઝડપથી ઊતરી રહ્યા હતા. જરાય તકલીફ પડતી નહોતી. પૂજ્યશ્રી કહે છે ને કે "મોભનાં પાણી નેવે ચઢાવવાં તે તો બહુ સહેલું છે, નેવાંનાં મોભે ચઢાવીએ ત્યારે ખરા. પાણી ઢાળની નીચેની તરફ ખૂબ સહેલાઈથી વહી શકે છે, કઠિન કાર્ય તો છે તેને ઢાળની ઉપરની તરફ ચઢાવવાનું. તે જ પ્રમાણે મનુષ્યને કૈવલ્યની સાધના કરવામાં, આધ્યાત્મિક ઉન્નતિ સાધવામાં, ઊર્ધ્વગમન કરવામાં ખૂબ તકલીફ પડે છે. પરંતુ જે મનુષ્યને અધોગતિમાં જ રસ હોય, પડતીમાં જ આનંદ આવતો હોય એને તેમ કરવામાં તકલીફ નથી પડતી. અધોમુખી થવું તે તો ઘણું સહેલું છે, કારણ કે તેમાં કોઈ પ્રયત્ન કરવો પડતો નથી."

ગંગોત્રી પહોંચ્યા ત્યારે અમને થાકની ખબર પડી. દરેક જણ ખૂબ થાકેલા. દરેકના પગ બહુ દુઃખતા હતા. સૌએ અનુકૂળતા મુજબ જમી લીધું. પૂજ્યશ્રીએ કાંઈ લીધું નહીં. ખૂબ થાકેલા હોવા છતાં સૌએ ખૂબ પ્રેમપૂર્વક ઈશ્વરસ્મરણ કર્યું, પ્રણવવંદના ગાઈ અને સૂઈ ગયા.

તા. ૨૦-૫-૯૦ ને રવિવારના રોજ અમે સૌ મોડા ઊઠ્યા. પૂજ્યશ્રી તો વહેલા ઊઠી ગયા હતા અને નિત્યક્રમથી પરવારી ગયા હતા. અમે ઊઠ્યા ત્યારે પૂજ્યશ્રી કૃષ્ણાશ્રમનાં સંચાલિકા મા ભગવતી સ્વરૂપ પાસે બેસી જ્ઞાનગોષ્ઠિ કરતા હતા. પૂજ્યશ્રીએ મા ભગવતીને પૂ. કૃષ્ણાશ્રમસ્વામીનો દેહાંત કેવી રીતે થયો તે અંગે પૃચ્છા કરી. મા ભગવતીએ જણાવ્યું:

પૂ. કૃષ્ણાશ્રમજીને દોઢસો વર્ષ થયાં હતાં. એક દિવસ હું તેમના રૂમમાં બેઠી હતી ત્યારે તેમણે કહ્યું કે, હવે મારું કાર્ય પતી ગયું છે. હું દેહ ત્યાગવા માગું છું. તેમની આટલી વાત સાંભળી હું રૂમની બહાર ગઈ. જેવી હું રૂમની બહાર નીકળી કે રૂમમાંથી દીર્ઘ પ્રણવોચ્ચાર બુલંદ અવાજે સંભળાયો. ઝડપથી હું રૂમમાં પાછી ગઈ અને જોયું તો પૂ. કૃષ્ણાશ્રમસ્વામીએ દેહ ત્યાગી દીધેલો. આ જોઈ હતપ્રભ બનેલી હું ગુરુજીના રૂમની બહાર નીકળી. આજુબાજુમાં વસતા બે-ત્રણ સાધુસંતોને બોલાવ્યા. સાધુસંતોએ આવતાંની સાથે એકી અવાજે કહ્યું કે 'પ્રભુએ દેહ ત્યાગી દીધો.' ત્યારબાદ પાલખી કરી કૃષ્ણાશ્રમસ્વામીના દેહને ગંગનાની લઈ ગયા. ગંગનાનીમાં તેમના દેહને જળસમાધિ આપી."

ઉપરોક્ત વાતો કરતાં પૂ. મા ભગવતીજી ભાવવિભોર થઈ ગયાં. કયા શિષ્યને પોતાના ગુરુદેવ

સાથેનાં સંસ્મરણો તાજાં કરીને ભાવ ઉત્પન્ન ન થાય! મા ભગવતીજીએ જડીબુટ્ટીમાંથી બનાવેલી ચા પૂજ્યશ્રીને આપી. અમે પણ ચા પીધી. આજે પણ મુસાફરીનો થાક ઊતર્યો નહોતો તેથી પૂજ્યશ્રીએ સૌને આરામ કરવાનો આદેશ આપ્યો. આરામ કર્યા બાદ ભોજનના સમયે સૌએ પોતપોતાને સોંપાયેલું કાર્ય પૂરું કર્યું. ભોજન તૈયાર થયું એટલે પહેલાં પૂજ્યશ્રીએ અને ત્યારબાદ અમે સૌએ ભોજન લીધું. ભોજન લીધા બાદ ફરી આરામ કર્યો. સંધ્યાકાળે પૂજ્યશ્રીના આદેશાનુસાર ગાયત્રીમંત્ર, મારુતિમંત્ર અને શિવમંત્રના જાપ કર્યા. પૂજ્યશ્રીએ મંત્રજાપ વિષે થોડી વાત કરતાં કહ્યું કે "સતત પ્રભુનું સ્મરણ કરતાં કરતાં મંત્રજાપ થવા જોઈએ. મનને, વિચારોને મંત્રજાપમાં જોડી દેવા જોઈએ. શરીર અને મનને મંત્રજાપમાં તદ્રૂપ કરી દેવાં જોઈએ. મંત્રજાપ કરવાથી અનાયાસે જ પ્રાણાયામનો લાભ મળે છે, શારીરિક કસરત થાય છે, શરીરમાં સ્ફૂર્તિ આવે છે. આમ મંત્રજાપ દ્વારા અનેકવિધ લાભ મળે છે.

તા.૨૧-૫-૯૦ના દિવસે સવારે બધા વહેલા ઊઠી ગયા. નિત્યક્રમ પરવારી સૌએ સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય બાદ અડધા કલાક સુધી ગાયત્રીમંત્રના વાચિક જાપ કર્યા. મંત્રજાપ બાદ બધા સ્વયંસેવકો પોતપોતાને સોંપાયેલા કાર્યમાં લાગી ગયા. નિયત સમયે ભોજન પ્રસાદ તૈયાર થઈ ગયો. ભોજન-પ્રસાદ લીધા બાદ સૌએ આરામ કર્યો. પૂજ્યશ્રી આરામ કરતા હોવાથી ત્રણચાર ગુરુભાઈઓ તેમની આજ્ઞા લીધા વિના બહાર ફરવા નીકળ્યા. થોડો સમય થયો ત્યાં પૂજ્યશ્રી રૂમમાંથી બહાર નીકળ્યા અને ધ્યાનભિક્ષુજીને પૂછ્યું કે બધા ક્યાં ગયા? ધ્યાનભિક્ષુજીએ કહ્યું કે અમુક ગુરુભાઈઓ બસસ્ટેન્ડ તરફ ગયા છે. પૂજ્યશ્રી કહે "અમને કહ્યા વગર જતા રહ્યા."

જે અનુશાસન શીખવા અમે પૂજ્યશ્રી સાથે યાત્રાએ નીકળ્યા હતા તેમાં સતત પ્રયત્નશીલ હોવા છતાં ચંચળ મનને કારણે અમે ભૂલ કરી બેસતા અને પૂજ્યશ્રીને દુઃખ પહોંચાડતા. પૂજ્યશ્રીએ કહ્યું, "ચાલો, તમે જેટલા છો તેટલા જલદી તૈયાર થઈ જાવ, આપણે બહાર જવાનું છે." આશ્રમમાં જેટલા ગુરુભાઈઓ હાજર હતા તે સૌ પૂજ્યશ્રી સાથે બહાર નીકળ્યા. અમે બસસ્ટેન્ડથી ચા-કોફી પીને પાછા વળતા હતા ત્યાં જ સામેથી પૂજ્યશ્રીને વંદન કરી પૂજ્યશ્રી સાથે જોડાઈ ગયા. પૂજ્યશ્રીએ હસતાં હસતાં ટકોર કરી કે " આજે તમે રસ્તામાં ના મળ્યા હોત તો તમને મૂકીને અમે ફરવા જવાના હતા."

પૂજ્યશ્રી સાથે અમે સૌ અપરોક્ષાનંદજીના આશ્રમે ગયા. પૂ. અપરોક્ષાનંદજી મૂળ મુંબઈના વતની હતા. તેઓ યોગના અભ્યાસી હતા. પૂજ્યશ્રી સાથે તેમણે યોગના વિષય ઉપર ખૂબ વાતચીત કરી. તેઓ પૂજ્યશ્રીથી ખૂબ પ્રભાવિત થયા. તેઓએ સંતો વિષે પોતાના વિચારો પ્રગટ કર્યા.- **"જો ઘૂમે સો શૂરા, જો બૈઠે સો પૂરા."** જે સંતો હંમેશાં ફરતા રહે તે શૂરા કહેવાય અને એક જગ્યાએ બેસી જપ,સાધના ઇત્યાદિ કરે, વિઘ્નોથી ચલિત થયા વિના સાધનામાં આગળ વધે તેને પૂરા સંત કહેવાય.

શ્રી અપરોક્ષાનંદજીની કુટીર ગંગાજીના કિનારે આવેલી છે. શીતકાળમાં પણ તેમણે ઘણો સમય અહીં ગાળ્યો છે. તેઓએ ગૌમુખ તથા તપોવનમાં પણ એક વર્ષ ગાળેલું છે. સત્સંગને આગળ ચલાવતાં તેઓએ જણાવ્યું કે "માણસ અહીં આવી કશું ના કરે, કોઈ પણ પ્રકારની સાધના ના કરે, માત્ર ખાઈપીને સૂઈ જ રહે તોપણ તેનું મન શાંત થઈ જાય છે. અહીંની પ્રકૃતિ, આબોહવા જ એ પ્રકારનાં છે. કોઈ સાધક અષ્ટાંગયોગમાં જો થોડો ઘણો પણ ઊંડો ઊતર્યો હોય અને જો અહીં રહી સાધના કરે તો થોડા પ્રયત્નથી જ સમાધિ સુધી પહોંચી શકે." પૂજ્યશ્રીએ અપરોક્ષાનંદજી સમક્ષ ગંગોત્રીમાં વધુ સમય રહેવાની ઇચ્છા પ્રદર્શિત

કરી ત્યારે તેમણે કહ્યું કે ''આપ ગમે ત્યારે આવીને રહી શકો છો.'' પૂજ્યશ્રીએ કહ્યું, "શીતકાળમાં મારાથી કેવી રીતે રહી શકાય? મને તો બહુ ઠંડી લાગે છે.'' સ્વામીજીએ કહ્યું ''આપ તો જ્ઞાની હૈ, યોગ કે પૂરે જાનકાર હૈ. આપકો કૈસે તકલીફ હો સકતી હૈ? અભીસે રહને લગેંગે તો શીતકાલ તક શરીર અભ્યાસી હો જાયેગા. આપ આરામસે રહો, જિતને સમય તક આપકી ઇચ્છા હો ઉતને સમય તક આપ યહાં ઠહર સકતે હો.'' સ્વામીજીની વાત સાંભળી પૂજ્યશ્રીએ સહેજ મલકાઈને કહ્યું "આપ તો સ્વયં અપરોક્ષાનંદજી હૈ યાને કી આપ પ્રત્યક્ષ હી સંત હૈ. મૈં આપકે પાસસે કુછ લેને આયા હૂં'' પૂજ્યશ્રીની નમ્રતાથી પ્રભાવિત થઈ સ્વામીજીએ કહ્યું "મેરે મેં નામ જૈસે ગુન કહાં હૈ? ! મૈં ખુદ ઈધર ઉધરસે સીખ રહા હૂં. બચપનમેં મેરી આંખે કમજોર થી લોગો ને કહા યોગ કરો, આંખે અચ્છી હો જાયેગી. મૈં ધીરે ધીરે આસન શીખને લગા. ઔર મૈં અપને માતાપિતાકી આજ્ઞા લેકર યહાં ગંગાજી કે કિનારે પર ચૌદહ સાલસે રહતા હૂં.'' સત્સંગ ચાલતો હતો તે દરમ્યાન જ બીજા એક સંત આવ્યા. તેમણે પૂજ્યશ્રીને નમોનારાયણ કર્યા. પૂજ્યશ્રીએ બંને સંતોને પ્રસાદી રૂપે સ્વરચિત હિન્દી અને અંગ્રેજી પુસ્તકો આપ્યાં તથા અગિયાર રૂપિયા પણ આપ્યા અને સ્વામીજીની કુટીરેથી બહાર નીકળ્યા.

સ્વામીજીની કુટીરેથી નીકળી અમે સૌ શ્રી અચ્યુતાનંદજીના આશ્રમમાં ગયા. શ્રી અચ્યુતાનંદજીએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. ત્યાં થોડો સમય બેઠા. પૂજ્યશ્રીએ સ્વામીજીને પૂછ્યું , ''અમને પટાંગણ નહીં દેખા આપ રાસ્તા બતાયેંગે? ઔર યે ભી બતાઈએ કિ વહાં પહુંચનેમેં સમય કિતના લગેગા?'' સ્વામીજીએ કહ્યું ''આધા ઘંટા લગેગા મૈં સાથ ચલકર આપકો રાસ્તા દિખાતા હૂં. બધા ગુરુભાઈઓની સંમતિ લઈ પૂજ્યશ્રીએ પટાંગણ જવાનું નક્કી કર્યું. પટાંગણ જતાં રસ્તામાં અમે રુદ્રગંગા જ્યાંથી આવે છે અને ગંગાને મળે છે તે સ્થળ જોયું. તે સ્થળેથી નીકળી અમે પટાંગણ ગયા. પટાંગણની શિલાઓ ઉપર બેસી અમે બધાએ પ્રણવવંદના, પ્રણવ-જપ-માહાત્મ્ય, ગુરુઅષ્ટક તેમજ વાચિક મંત્રજાપ કર્યા. પટાંગણથી પાછા કૃષ્ણાશ્રમ આવી ગયા. ભોજન કરી સૂવાની તૈયારી કરતા હતા ત્યાં જ પૂજ્યશ્રીએ જણાવ્યું કે "આપણે બપોરે બહાર જવાનું છે તો તમે સૌ બે વાગ્યે તૈયાર થઈ જજો."

પૂજ્યશ્રીના આદેશ મુજબ સૌ બપોરે સમયસર તૈયાર થઈ ગયા. પૂજ્યશ્રીએ અમદાવાદથી લાવેલ બધું જ ચવાણું એક ડબ્બામાં ભરીને સાથે લઈ લેવાનું કહ્યું સાથે સુખડી પણ લેવડાવી. અમે આશ્રમની બહાર નીકળી પુલ ઉપર આવ્યા. પુલના બીજા છેડેથી ભિક્ષા માગનારા એક લાઈનમાં બેઠા હોય છે. ભિક્ષુકોની લાઈન છેક બસસ્ટેન્ડ સુધી પહોંચે છે. પુલના સામા છેડે પહોચતાં જ પૂજ્યશ્રીએ આદેશ કર્યો "ચાલો આપવા માંડો.'' ડબો પૂરો ભરેલો હતો એટલે એક ગુરુભાઈએ ઊંચક્યો હતો અને હું ભિક્ષુકોને ચવાણું આપતો હતો. શરૂઆતમાં મેં એક ભાઈને બે વાડકા ચવાણું આપ્યું તે જોઈને પૂજ્યશ્રી કહે, "બે નહીં, પહેલાં એક વાડકો આપો. વધશે તો ફરી આપીશું.'' ચવાણાની સાથે સાથે સૌને એક રૂપિયો પણ આપતા હતા. વહેંચતાં વહેંચતાં ચવાણું ખલાસ થઈ ગયું. લાઈનમાં હવે ફક્ત એક જ ભાઈ બાકી રહેલા. આ જોઈ પૂજ્યશ્રીએ ભરતભાઈને કહ્યું "તેમને બે રૂપિયા આપો'' સાથે સાથે મને કહ્યું "જોયું! તમે એક ભાઈને બે વાડકા ચવાણું આપ્યું અને એક જ સંત રહી ગયા !'' આ પ્રસંગ બન્યો તે જોઈ મને પ.પૂ. ગુરુદેવમાં પરમેશ્વરનો સાક્ષાત્કાર થઈ ગયો. અસ્તુ.

(વધુ આવતા અંકે)

॥ ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને [illegible]॥

# સ્મશાન એ તો મહાવિદ્યાલય છે

- યોગભિક્ષુ

***જો મરણ એ જિંદગીની, છે અરે છેલ્લી દશા,***
***તો પરાર્થે અર્પવાને, આ જીવનના મોહ શા?***

આ આખા લખાણનું પ્રેરણાબિન્દુ છે એક પરમ મિત્રની પરમ યાત્રા- અંતિમ વિદાય.

ચિતા ઉપર ચડાવેલ અલમસ્ત અને સોનલવર્ણી કાયા, ધૂ... ધૂ... કરતા પ્રચંડ અગ્નિમાં ભુંજાઈ-શેકાઈ ભસ્મ થવા લગી ત્યારે અમે સૌ સ્નેહી-મિત્રો, કે જેઓ ચિતાની ફરતે ઊભા હતા તેઓ સૌ ચિતાગ્નિના દઝાડતા તાપથી બબ્બે ફૂટ દૂર હટવા લાગ્યા. હટતા હટતા ખાસ્સા દૂર હટીને ઊભા સૌ.

એ વખતે મુખ તો ગાયત્રી મંત્રોચ્ચાર કરતું હતું. પરંતુ મગજમાં તો અનંત વિચારોની ભાગદોડ ચાલુ થઈ ગઈ હતી.

***અપને ખાતિર મહલ બનાયા, આપ હી જાકર જંગલ સોયા!***

જે કાયાને કેટકેટલા અને કેવા લાડ લડાવ્યા, બુટ-મોજા વગર જમીન ઉપર પગ પણ નહોતો મૂકી શકતા. કે એરકન્ડીશનર સિવાય મહાત્રાસ લાગતો હતો તે કાયાની આખર આ જ દશા? પ્રચંડ અગ્નિમાં જલાવી જ દેવાની? મહાક્રુર ગીધડાઓ તથા હિંસક પશુઓને ખવડાવી દેવાની? જે કાયાને ડનલોપિલોના ગાદીતકીયામાં પોઢાડતા હતા તેને જમીનમાં દાટી કે જળમાં વહાવી દેવાની?

***ઈસ તન-ધનકી કૌન બડાઈ? દેખત નેનોમેં મિટ્ટી મિલાઈ!***
***હાડ જલે જૈસે લકડેકી મોલી, બાલ જલે રે જૈસે દાસ કી પોલી!***

જગતના અન્ય વિદ્યાલયોમાં તો ખૂબ ભણ્યા પણ ખરું ભણતર તો, ખરી સમજણ તો સ્મશાનવિધ્યાલય જ આપે છે. જ્યારે સ્મશાન જવાનું થાય છે ત્યારે કાયાની માયાની ક્ષણભંગુરતાનું જ્ઞાન પુનઃ પુનઃ તાજું થાય છે. જે જ્ઞાન - જે હકીકત - જે ભણતર અખંડપણે સ્મૃતિમાં રાખવાની જરૂરત છે તે, સતત વહેવાર-પ્રપંચમાં રચ્યાપચ્યા રહેવાથી વિસરાઈ જવાય છે.

***કર લે શૃંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા.***

શૃંગાર કરીને ચતુર અલબેલી નાર, જેમ સાજનના-પ્રિયતમાના ગૃહે જવા તૈયાર હોય છે તેમ સાજન અર્થાત્ ભગવાનના ગૃહે જવા માટે અર્થાત્ દેહવિલય માટે ઉમંગ-ઉત્સાહ-પૂર્વક તૈયાર રહેવાનું છે. એ પ્રસંગ પણ કાંઈ શોક કરવાનો નહીં પરંતુ મોહ મૂકવાનો છે. જે કાંઈ અનિત્ય અને અપવિત્ર હતું તે જ નિત્ય અને પવિત્ર મનાઈ ગયું હતું. તેને તે ખોટી માન્યતાને સ્મશાન જવાના પ્રસંગો ખળભળાવી નાખે છે. કમ સે કમ એએટલી ઘડી તો સાચી વિચારધારાઓ વહેવા લાગે છે. ભલે સ્મશાન-વૈરાગ્ય હોય પણ એટલી ઘડી તો વૈરાગ્ય-રોગરહિતપણું આવે જ છે. સ્મશાન-વૈરાગ્ય થોડો દીર્ઘજીવી થાય તો જરૂર મનુષ્યજન્મની સાર્થકતા થઈ જાય.

ભણતરનો સાચો ઉપયોગ તો કરવાનો છે આત્મા-પરમાત્માના રહસ્યો ઉકેલવામાં, મોક્ષને મેળવવાનો પ્રયત્ન કરવામાં, આત્યંતિક સુખને પ્રાપ્ત કરવામાં અને મૃત્યુના ભયથી મુક્ત થવામાં. અનેક પ્રકારના શાસ્રો અને સિધ્ધાંતોનું જ્ઞાન આધ્યાત્મિક જ્ઞાનને સમજવામાં સરળતા કરી આપે છે. બ્રહ્મશ્રોત્રિયપણું એટલા માટે પ્રાપ્ત કરવાનું છે કે તે બ્રહ્મનિષ્ઠપણામાં સહાયભૂત થઈ શકે છે.

સ્કૂલ-કૉલેજનું ભણતર જ સર્વસ્વ નથી. ભણતરને, મોક્ષધામ સુધી પહોંચાડનારી સીડીનું પ્રથમ પગથિયું ગણી શકાય. મોક્ષસીડીના પ્રથમ પગથિયે જ કાયમ ઊભા રહીએ

**॥ જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ ॥**

પણ અન્ય પગથિયા ઉપર આગળ વધીએ જ નહીં તો પ્રથમ પગથિયાની પ્રાપ્તિ પણ નિરર્થક થઈ જાય.

સ્વામિ વિવેકાનંદજી પોતે ભણેલું બધું જ ભૌતિક ભણતર ભૂલી જવા ઇચ્છતા હતા. નાનું બાળક ચાલતાં બરાબર ન શીખ્યું હોય ત્યાં સુધી તેને ત્રણ પૈડાવાળી ચાલણગાડીનો ચાલતી વખતે આધાર લેવાની જરૂર પડે છે. બરાબર ચાલતા શીખી ગયા પછી જો તે ચાલણગાડીનો ત્યાગ કરે તો જ તે ચાલવામાં વિકાસ સાધી શકે. યુવાન થયા પછી પણ જો ચાલણઘાડી છોડીએ નહીં તો ઝડપથી ચાલી શકીએ નહીં અને કઢંગી સ્થિતિમાં આપણને જોઈને લોકો ખૂબ હસે.

ભૌતિક ભણતર ભણીભણીને પછી ચેતન-ભણતર ભણવાનું છે, જો આમ ન થાય તો 'ભણ્યા પણ ગણ્યા નહીં' તેવું થાય.

ભૌતિક ભણતરના સાતત્યના કારણે સાચી સમજણરૂપી ભઠ્ઠી ઉપર જે મોહમાયા તારુ-મારું વગેરેની મહાભ્રમણાઓરૂપી રાખ વળી ગઈ હોય છે તેને, ચિતા ઉપરની રાખ જોઈને પ્રાપ્ત થતી સમજણ ઉડાડી મૂકે છે. સ્મશાન મહાવિદ્યાલયની મહાવિદ્યા જેવી અમોઘ વિદ્યા બીજા કોઈ પણ વિદ્યાલયો દ્વારા મેળવી શકાતી નથી.

સ્મશાન, મૃત્યુ, યમરાજ વગેરે શબ્દો સાંભળતા જ મન ભયભીત થઈ જાય છે. જેમ કે જન્મોથી ખોટી, અધૂરી અને ભૌતિકતામય માન્યતાઓમાં જ જીવ્યા છીએ. સાચી સમજણવાળાને મૃત્યુનો ડર ન લાગે. એ તો એમ વિચારે કે મૃત્યુ પછી મોક્ષમાં નહીં પહોંચી શકીએ તો પણ બીજું નવું-નક્કોર શરીર તો પ્રાપ્ત કરીશું જ. જેમાં બધા જ અંગો સંપૂર્ણ નવા પ્રાપ્ત થશે. ખંડેર ગૃહમાંથી નવાનક્કોર ગૃહમાં જવાનું કોણ પસંદ ન કરે? નવું ગૃહ અર્થાત્ નવું શરીર પ્રાપ્ત કર્યા પછી ફરી પાછા નરસિંહ મહેતાએ ગાયું હતું તેમ ગાઈશું કે -

*ભૂતળ-ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિરે.*
*પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોર્યાશી માંહી રે,*
*હરીના જન તો મુક્તિ ન માગે, જન્મોજન્મ અવતાર રે,*
*નિત્ય સેવા નિત્ય કિર્તનઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.*

માટે, સ્મશાનથી ડરીએ નહીં, એ તો મહાવિદ્યાલય છે. મહાયાત્રાલય છે. મહામુક્તિનું મહાપ્રેરણાસ્થાન છે. જે ગૃહમાં જન્મ્યા હતા તે ગૃહ જીવનનું પ્રથમ મહાસોપાન અને મહાભૂમિ-સ્મશાન એ જીવનનું અંતિમ મહાસોપાન.

આટઆટલું જાણ્યા પછી પણ સ્મશાનનો ડર જો જતો ન હોય તો સાચા ગુરુસંતોના ચરણોમાં બેસીને, તેમની પાસેથી નિત્યાનિત્ય વિવેક પ્રાપ્ત કરીને સ્મશાનના ડરથી, મૃત્યુના ભયથી મુક્ત થઈએ.

*જબ જગમેં કિર્તી ફેલ ગઈ, ફિર દિન અધિક જીયા ન જીયા.*

મનુષ્યના સત્કર્મોની સુગંધ દિગદિગંતોમાં ફેલાઈ જાય પછી તે વધુ જીવે કે ઓછું, બંને બરાબર છે. કેવળ વધુ જીવવાની જ મહત્તા નથી. વડના ઝાડ તો હજારો વર્ષ સુધી જીવે છે પણ તોય તે વડ જ રહે છે.

**નામ રહંતા ઠકરા, નાણા નહીં રહંત, કિર્તિ કેરા**
**કોટડા પાડ્યા નહીં પડત.**

પૈસા તો આ જ છે ને કાલ નથી. પૈસાદાર ગરીબ અને ગરીબ ક્યારે પૈસાદાર થઈ જાય છે તે કોઈ કહી શકે? સાત માળની હવેલીઓ પણ રહેવાની નથી, એ બધું ક્ષણભંગુર છે. દીર્ઘજીવી તો ફક્ત સુયશ દ્વારા પ્રાપ્ત કરેલી નામના અને સુકિર્તીની મહેલાતો છે. મોટા મહામજબૂત કોટ-કિલ્લાઓ પણ સમય જતાં ભાંગીને ભૂક્કો થઈ જાય છે પણ કિર્તીરૂપી કોટનું એકએક કાંગરું અવિચળ રહે છે.

દીર્ઘજીવી કે અલ્પજીવી, ગરીબ કે પૈસાદાર, અભણ કે વિદ્વાન, પાપી કે પુણ્યવાન, સ્ત્રી કે પુરુષ,

॥ ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીયે ॥

કાળો કે ગોરો, રોગી કે ભોગી, ઢોંગી કે યોગી કોઈને સ્મશાન જાકારો આપતું નથી. સૌને પોતાના મહાઉદરમાં સમાવી લઈને - ભેદરહિત બનાવી દઈને અભેદ સાધવાની શીખ આપે છે.

અનંત મૃતક શરીરોમાં, અનંત કાળથી અનંત પ્રકારની ગંદકીના ઢેર ખડકાયા હોય તે સર્વને સ્મશાન જોતજોતામાં સ્વાહા કરી નાખે છે. જો આવું વરદાતા સ્મશાન ન હોય તો વાતાવરણમાં કેટલી ગંદકી ફેલાય કે પૃથ્વીલોક નર્કલોક જ બની જાય. સ્મશાન તો વિરાટ યજ્ઞકુંડ સમાન છે. જે સતત સ્વયં સળગતું રહીને અન્યોને અખંડપણે શાંતિની શીખ-સમજણ આપતું રહે છે.

**સાચી સમજણના દાતા, અખંડ જાગૃત હે, સ્મશાનદેવતા! તમોને અમારા કોટિ કોટિ વંદન**

## કર્મનો અટલ નિયમ

- યોગભિક્ષુ

મનુષ્ય માત્ર સુખને - દીર્ઘ સુખને ઇચ્છે છે. પણ કેવી રીતે તે પ્રાપ્ત થશે તેની તેને ખબર નથી. "સારાં કર્મોથી સુખી થવાય અને ખરાબ કર્મોથી દુઃખી થવાય" એ કર્મના અટલ નિયમને જ્યાં સુધી મનુષ્ય માનતો નથી ત્યાં સુધી તે તેનું પાલન કરતો નથી અને જ્યાં સુધી તેનું પાલન કરતો નથી ત્યાં સુધી તે સુખી થઈ શકતો નથી. સત્કર્મો કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે અને પુણ્યથી સુખી થવાય છે. અસત્કર્મો કરવાથી પાપ લાગે છે અને પાપથી દુઃખી થવાય છે એમ શાસ્ત્રો સમજાવે છે. સ્વર્ગ અને નર્ક એ પણ સુખ અને દુઃખના જ પર્યાયવાચી શબ્દો છે. અતિ સૂક્ષ્મ વિષયોને પણ સરળતાથી સમજી શકાય તે માટે શાસ્ત્રો અને આપ્તજનો અનેક યુક્તિપ્રયુક્તિઓનો પ્રયોગ કરે છે. કર્મના અટલ નિયમને અતિ સરળતાથી નીચે મુજબ સમજીએ.

પોતાની પાચન-શક્તિનો ખ્યાલ ન રાખીને સ્વાદવશ અતિ ભોજન કરી લઈએ અને પેટમાં દુઃખવા આવે તો તેનું સાચું પ્રાયશ્ચિત એકટાણું અથવા એક ઉપવાસ છે. વધુ ભોજન કરવાથી જો પેટમાં દુઃખવા આવે તો તેનો સાચો ઉપાય દવા નથી, ઉપવાસરૂપી સાચો ઉપાય કરવાને બદલે જો દવા ખાઈને પેટપીડ મટાડીશું તો ફરીફરીને વધુ ભોજન કરવાનું પાપ કરતા જ રહીશું અને એ રીતે લાંબા સમયે અસાધ્ય રોગમાં ફસાઈ જઈશું. અપરાધ મુજબનું પ્રાયશ્ચિત્ત હોય તો જ દીર્ઘ લાભ પ્રાપ્ત કરી શકાય. એક વખત દવાથી સાજા થઈશું એટલે પછી અતિ ભોજનથી દુઃખી થવાનો ડર નહીં રહે, "પેટમાં દુઃખશે તો દવા છે જ ને" એમ માની સતત પેટ પર અત્યાચાર કરતાં જ રહીશું અને અસાધ્ય રોગમાં પહોંચી જઈશું.

## પ્રદુષણમુક્તિની અમોઘ યુક્તિ

- યોગભિક્ષુ

એક મિનિટમાં યુવાન તંદુરસ્ત મનુષ્ય લગભગ અઢાર વખત શ્વાસોશ્વાસ કરે છે. તેને જેટલા ઘટાડી શકાય એટલો વિશ્વનો પ્રાણ બચે. વિશ્વના પ્રાણ સમુદ્રમાંથી તેટલો પ્રાણ ઓછો વપરાય અને ફેફસાંમાંથી જેટલા પ્રશ્વાસ ઓછા બહાર ફેંકાય - દુષિત વાયુ જેટલો ઓછો બહાર ફેંકાય, વિશ્વના પ્રાણસમુદ્રનો એટલો પ્રાણ ઓછો દુષિત થાય. આમ પ્રાણાયામથી વિશ્વના વાતાવરણને શુધ્ધ રાખવામાં મદદ થાય છે. એક પાઈના પણ ખર્ચ વિના વ્યષ્ટિ અને સમષ્ટિને અમૂલ્ય લાભ પહોંચાડવાની આ પ્રયુક્તિ, વિશ્વને આર્ષ સંસ્કૃતિની દિવ્ય ભેટ છે. પ્રદૂષણ-મુક્તિની આ એક અમોઘ યુક્તિ છે! અસ્તુ.

॥ જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ ॥

# નારીની પૂજા એટલે શું?

- યોગભિક્ષુ

સંસ્કૃતના એક શ્લોકનો અર્થ છે કે જ્યાં જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં ત્યાં દેવોનો વાસ છે.

નારીની પૂજા એટલે શું? અબીલ-ગુલાલ કે કંકુ-ચોખા ચડાવવા કે ઘી ની દિવેટ પ્રગટાવીને આરતી ઉતારવી વગેરે પૂજાની પ્રચલિત પધ્ધતિ છે. 'પૂજા'નો અર્થ એથી જરા વધુ સારો કરીએ તો નારીને માન-સન્માન અને હક્કો આપવા તે થાય. ખરેખર તો 'નારીની પૂજા'નો સાચો, તાત્ત્વિક અને અતિ ઉપયોગી અર્થ તો એ છે કે નારીને નિર્વાસનિક દૃષ્ટિએ જોવી, આત્મદૃષ્ટિથી નિહાળવી. નરસિંહ મહેતાએ ગાયું છે કે **"પર સ્ત્રી જેને માત રે"** તે ઘણો ઉંચો આદર્શ છે. પણ નારીની શક્તિનો સાચો પૂજારી-ઉપાસક તો તે છે કે જે એમ સમજે છે કે 'સર્વ' સ્ત્રી જેને માત રે.

ફૂલને તેની ડાળી ઉપરથી ચૂંટી કાઢવું, સૂંઘવું, મસળવું, રગડવું, પગ તળે કચડીને પીલી નાખવું અને છતાંય કહેવું તે હું ફૂલનો પ્રેમી છું-પૂજારી છું; તો ફૂલનો એથી મોટો કરુણ ઉપહાસ બીજો કયો હોઈ શકે?

નારીમાંથી નારાયણી બનવું તે નારીના પોતાના હાથની વાત પણ છે. શા માટે તેને કોઈ વાસનાની દૃષ્ટિથી જુવે- જોઈ શકે? નર હોય કે નારી, જ્યાં સુધી આત્મભાવે જીવવાની કુશાગ્રતા ન આવે ત્યાં સુધી બંને શાંતિ-દરિદ્રી જ રહેવાના.

કવિએ ગાયું છે કે **"અબલા જીવન હોય તેરી કરુણ કહાની; આંચલમેં હૈ દૂધ ઔર આંખો મેં હૈ પાની"**. નારી જો અબલા રહે તો આ બધું જ તેણે વેઠવાનું રહે, શા માટે તેણે અબલા રહેવું જોઈએ? પ્રબલા કેમ ન બની જવું? પણ પ્રબલા એટલે શું? પ્રબલા બની જવું એટલે કાંઈ રણચંડી બનીને કોઈની સાથે ઝૂઝવાનું નથી. એમ કરવાથી કોને સફળતા મળી છે? એ રીતે કોઈને સફળતા મળી નથી તેની સાક્ષી ઇતિહાસ પૂરે છે. જ્યાં જુઓ ત્યાં શેર ઉપર સવાશેર તો છે જ.

એમ સાંભળ્યું છે કે મીરાબાઈને જોઈને વિકારીના વિકાર શમી જતા હતા. વિકારીના વિકાર સમી જાય તેવી તાલિમ દીકરીઓને આપવાની યોજનાઓ વિશાળ પાયા ઉપર હાથ ધરાવી જોઈએ. જ્યાં સુધી એવી યોજનાઓ અમલમાં ન મૂકી શકીએ ત્યાં સુધી યથાશક્તિ યથામતિ જે કાંઈ કરી શકીએ તે કરવું ઘટે. નાહ્યા એટલું પુણ્ય.

પ્રબલા એટલે 'રણચંડી બનનારી' કે દ્વંદ યુધ્ધ કરનારી' માત્ર એટલો અર્થ પૂર્ણ કે યોગ્ય નથી તેનો સ્વાનુભાવ તો તે પ્રમાણે અનુસરનારાઓને થઈ જ ગયો હશે. ખરેખર તો પ્રબલાને કોઈ સાથે દ્વંદ યુધ્ધમાં ઊતરવું જ ન પડે, જો એવા યુધ્ધમાં ઉતરવું પડે તો તે પ્રબલા કેમ કહેવાય? પ્રબલા એટલે તો એવું પવિત્ર-સાત્ત્વક વ્યક્તિત્વ કે એ વ્યક્તિત્વના સંપર્કમાં આવનારનું રાજસિક-તામસિકપણું ઓગળી જાય; આવા વ્યક્તિત્વના દૈવીશક્તિવલયના સંપર્કમાં આવતાં જ આસુરીશક્તિ પાંગળી થઈ જાય.

બહેન-દીકરીઓને આવી તાલિમ ક્યારે આપી શકીશું?

ओश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष ओश्वर है।

(२५) ओश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ओश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ओश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

To,

**લવાજમ મોકલવાનું કે ૠતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

તંત્રીશ્રી,
'ૠતમ્ભરા' સામયિક,
ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
સી-૩૯, રવિકુંજ એપાર્ટમેન્ટ,
પ્રભાત ચોક, ઘાટલોડિયા, **અમદાવાદ-૩૮૦૦૬૧.**
૯૮૨૫૪૪૩૬૪૨

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય *(ભારતમાં)* ... | ₹ | *૧૦૦-૦૦* |
| આજીવન સભ્ય *(ભારતમાં)* ... | ₹ | *૫૦૦-૦૦* |
| ત્રિવાર્ષિક સભ્ય *(પરદેશમાં)* ... | $ | *૫૦-૦૦* |
| આજીવન સભ્ય *(પરદેશમાં)* ... | $ | *૧૫૦-૦૦* |

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું ૠતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

E-mail : aumparivar@yahoo.com
Mob. : 9313675728

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : C-39, Ravikunj Apartment, Ghatlodia, Ahmedabad-61.
**Printed at** : Shardul Printing Press
**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

**"સત્ય ધર્મ કી જય હોગી,**
**તભી વિશ્વ શાંતિ હોગી.**
**સત્ય ધર્મ કી હોગી જય,**
**તભી સભી હોંગે અભય."**

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar